ન.સુડા/ગુ-૨/ટેક/ટીપીએસ-૧૨/પુણા/૨૪૪૮ ૧ -૩-૨૦૦૦

પ્રતિ,

અધિક મુખ્ય સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
બ્લોક નં.૧૪, નવમો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર.

2/3/2000

વિષય : મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૨(પુણા) સુડા સુરતને ગુજરાત નગર રચના અને શહેરી અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮(૧) મુજબ રાજ્ય સરકારશ્રીને મંજુરી અર્થે સાદર કરવા બાબત.

મહાશય,

જયભારત સાથ ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે સત્તામંડળ દ્વારા મોજે પુણા, તા.ચોર્યાસી ગામના મોટાભાગના વિકસીત વિસ્તારમાં નગર રચના યોજના બનાવવાની જરૂરીયાત જણાતા, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ ઉકત વિસ્તારમાં નગર રચના યોજના બનાવવા માટે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર સાથે રૂબરૂ ચર્ચા-વિચારણા તથા લેખીતમાં પરામર્શ કરેલ. જે અન્વયે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર નં.નરયો/સુરત/નં.૧૨/પુણા/ટ.યુ/૭૧૮૮, તા.૧૯-૧૨-૯૮) થી પ્રસ્તુત નગર રચના યોજનાની નકકી કરેલ હદ માટે અનુમતિ આપેલ છે. જે અન્વયે સુરત શહેરી વિકાસ સત્તામંડળની તા.૮-૧-૯૯ ની ૧૬૮-મી. બોર્ડ બેઠકના ઠરાવ નં.૧૯૯૫ થી (બીડાણ-૧) ઉકત અધિનિયમની કલમ-૪૧ હેઠળ નગર રચના યોજના બનાવવાનો ઈરાદો જાહેર કરેલ. જેના અનુસંધાને દૈનિક વર્તમાન પત્રો સંદેશ તથા ગુજરાત સમાચારમાં તા.૨૯-૧-૯૯ નાં રોજ (બીડાણ-૨ તથા ૩) તથા સ્થાનિક/મહત્વની સરકારી/અર્ધસરકારી કચેરીઓ અને સંબંધિત વિસ્તારની અગત્યની જગ્યાઓ ઉપર પર (બીડાણ-૪) ઈરાદો જાહેર કરતા અધિસુચનની પ્રસિધ્ધી કરવામાં આવેલ હતી. તથા ગુજરાત સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં તા.૨-૧-૯૯ ના રોજ ભાગ-૨ પાના નં.૧૯૯,૨૦૦ પર જરૂરી પ્રસિધ્ધિ કરવામાં આવેલ તથા સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા ગાંધીનગરને તા.૩-૨-૯૯ નાં પત્ર

ન.ગુડા/ટક/ટીપીએસ/૧૨/૬૧૯ થી અધિસૂચનની નકલ પાઠવી સરકારશ્રીને જાણ કરેલ.(બીડાણ-૫) પ્રસિધ્ધ થયેલ ઈરાદા મુજબ નક્કી થયેલ વિસ્તાર માટે નગર રચના યોજનાઓ મુસદ્દો તૈયાર કરી સત્તામંડળની તા.૧૧-૬-૯૯ ની ૧૦૦-મી બોર્ડ બેઠકમાં રજુ રાખતા સદર બાબતે ઠરાવ નં.૨૦૫૦ થી સદરહુ નગર રચના યોજના નં.૧૨(પુણા) ની દરખાસ્તો મંજુર કરવામાં આવેલ. (બીડાણ-૬) અને ત્યારબાદ ઉક્ત કાયદાની કલમ-૪૨(૧) ની જોગવાઈઓ તેમજ શહેરી વિકાસ નિયમ-૧૯૭૯ કલમ-૧૭ ની જોગવાઈઓ અન્વયે જમીનમાલીકો/હિતસંબંધ ધરાવનારાઓની એક સભા વિધિત રીતે પ્રસિધ્ધ કરવાના હેતુથી તા.૧૨-૧૦-૯૯ ના રોજ રાખવામાં આવેલ અને તેની જાણ દૈનિક વર્તમાનપત્રો ગુજરાતમિત્ર,નવનિર્માણ અને સંદેશમાં અનુક્રમે તા.૮-૧૦-૯૯, ૯-૧૦-૯૯ ના રોજ જાહેર જનતાની જાણ અર્થે આપવામાં આવેલ. (બીડાણ-૭) તેમજ જમીનમાલીકો હિતસંબંધ ધરાવનારાઓને પણ લેખીતમાં જાણ કરેલ. જે અન્વયે નિયત સમયે જમીન માલીકો/હિતસંબંધ ધરાવનારાઓની મીટીંગમાં તેઓને સમજુતી અને માર્ગદર્શન આપવામાં આવેલ અને જરુરી કાર્યવાહી પૂર્ણ કરીને ઉક્ત અધિનિયમની કલમ-૪૨(૧) ની જોગવાઈઓ અનુસાર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૨ (પુણા) જાહેર જનતાના વાંધા મંગાવવા માટે તા.૫-૧૧-૯૯ ના સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્ર ભાગ-૨ ના પાના નં.૨૭૫ થી ૨૭૬ પર અધિસૂચન પ્રસિધ્ધ કરવામાં આવેલ. જેની સ્થાનિક વર્તમાનપત્ર ગુજરાતમિત્ર તથા ગુજરાત સમાચારમાં અનુક્રમે તા.૨૩-૧૧-૯૯ તથા ૨૪-૧૧-૯૯ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ. (બીડાણ-૮) ઉક્ત અધિસૂચનમાં જણાવેલ વિગતોએ ૧ મહીનાની સમયમર્યાદામાં ટી.પી.સ્કીમ નં.૧૨(પુણા) માં ૩૧ વાંધાઓ આવેલ. સદરહુ સ્કીમ પ્રસિધ્ધ થયાની તારીખથી ઉક્તકાયદાની જોગવાઈઓ અનુસાર ચાર માસની મુદતમાં સરકારશ્રીમાં ફાઈલ મંજુરી અર્થે સાદર કરવાની રહેતી હોઈ, જેની સમયમર્યાદા તા.૪-૩-૨૦૦૦ ના રોજ પૂર્ણ થાય છે. તા.૧૧-૬-૯૯ ની બોર્ડ બેઠકમાં ટી.પી.સ્કીમની નિયમાનુસાર આગળની કાર્યવાહી કરવા આપેલ સુચના અન્વયે સદરહુ સ્કીમ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવામાં આવે અને હવે પછીની બોર્ડ બેઠકમાં આ સ્કીમના વાંધા સુચનો રજુ રાખી તે અંગેનો ઠરાવ મોકલવામાં આવશે જેથી આ સ્કીમ અંગે આવેલ વાંધાઓ સુચનો અને કાયદાકીય જોગવાઈઓને ધ્યાને લઈ જરુરી સુધારા-વધારા કરી રજુ કરાયેલ પત્રકમાં દર્શાવેલ વિવરણની વિગતોએ ફેરફારો કરી, મુ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૨(પુણા) જરુરી વિગતો,નકશાઓ સહ આ સાથે મંજુરી અર્થે સાદર કરેલ છે.

વધુમાં જણાવવાનું કે સદર ટી.પી.સ્કીમ વિસ્તારમાં મોટાભાગમાં ઉભાત બીનઅધિકૃત બાંધકામો અંગે તા.૧૧-૬-૯૯ ના બોર્ડ બેઠકમાં રજુ થયેલ એજન્ડા પર વિગતવાર ચર્ચા થયેલ અને ઠરાવથી મુજબ હાલના સંજોગોમાં ઉપલબ્ધ ખુલ્લી જમીનના પ્રમાણમાં ઓથોરીટીને રસ્તા તથા જાહેર હેતુ માટે જમીન ફાળવવામાં આવેલ છે. આ યોજનામાં સમાવિષ્ટ થયેલ જમીનો/વિસ્તાર અંગે અથવા યોજના મંજુરી અર્થે સાદર કરવા બાબતે નામદાર કોર્ટનો કોઈ મનાઈ હુકમ થયેલ નથી. તેમજ કોઈ કોર્ટ મેટર ચાલુ નથી.

સદર હકીકતે ઉક્ત નગર રચના યોજનાને મંજુરી આપવા તથા તે અંતિમ કરવા સારુ નગર રચના અધિકારીની નિમણુંક પણ કરવા વિનંતી છે.

<u>બીડાણ</u> :
સામેલ પત્રક મુજબ.

આપનો વિશ્વાસુ,

મુખ્ય કારોબારી અધિકારી,
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુ ર ત.

<u>નકલ સવિનય રવાના</u> :

(૧) મુખ્ય નગર નિયોજકશ્રી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફે બીડાણ-૧ તથા બીડાણ-૨ ની બે નકલો તથા બીડાણ-૩ ના બે સેટ માથી સરકારશ્રીમાં સ્કીમ મંજુર કરવા ભલામણ કરવા તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ માંની કલમ-૫૦ નો સુધારેલ કાયદા ૧૯૯૯ મુજબ નગર રચના અધિકારીશ્રીની નિમણુંક કરવા બાબતે સરકારશ્રીમાં યોગ્ય ભલામણ કરવા વિનંતીસહ.

(૨) પ્રવર નગર નિયોજકશ્રી,
પ્રાદેશિક કચેરી,
દક્ષિણ ગુજરાત વિભાગ, વડોદરા તરફે જાણ સારુ.